REGISTER B. NO. 156

શ્રી

પુ.૧૯ મું. સં. ૧૯૬૦

અંક ૮ મો. 

# જૈનધર્મ પ્રકાશ.

કાર્તિક.

उपजाति.

धार्यः प्रबोधो हृदि पुण्यदानं, शीलं सद[illegible]।
तप्यं तपो भावनयैव कार्या, जिनेंद्रपूजा गुरुभक्तिरुद्यमः ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमाणिका


| | | |
|---|---|---|
| ૧ | જૈન સેવકની જીજ્ઞાસા. | ૧૬૯ |
| ૨ | જૈન કોન્ફરન્સના ફંડો સંબંધી અમારા વિચારો. | ૧૭૧ |
| ૩ | સદ્ભાવના. | ૧૭૮ |
| ૪ | ધ્યાન વિષય. | ૧૮૧ |
| ૫ | હિરપ્રશ્ન તથા સેનપ્રશ્ન ઉદ્ધરીત સાર. | ૧૮૬ |
| ૬ | વિનાશી વસ્તુનો વિનાશ. | ૧૮૯ |
| ૭ | શ્રી કેશરીઆજી તીર્થના સંબંધમાં ચેતવણી | ૧૯૧ |



અમદાવાદ.

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં,

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું

વીર સંવત ૨૪૨૯ શાકે ૧૮૨૫ સને ૧૯૦૩

વાર્ષિક મૂલ્ય રૂ ૧) પોસ્ટેજ ચાર આના.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जाहेर खबरो.

જૈન કોન્ફરન્સના હેતુઓ પાર પાડવા માટે જુદા જુદા કસ્બા તથા જીલ્લાઓમાં ઉત્સાહ પૂર્વક ખંતથી કામ કરવાવાળા ગૃહસ્થોની કોન્ફરન્સને જરૂર છે માટે આથી જાહેર ખબર આપવામાં આવે છે કે જે સદ્‌ગૃહસ્થો આ સ્વધર્મે જાતિના પરોપકારી કાર્યમાં તન અને મનથી મદદ કરવા ઉત્કંઠા ધરાવતા હોય તેઓએ નીચે સહી કરનારની સાથે પત્રવ્યવહાર કરવા મહેરબાની કરવી.

---

જૈન કોન્ફરન્સના હેતુઓ કેવી રીતે પાર પડે અને જૈન સમુદાયની ધાર્મીક તથા વ્યવહારીક ઉન્નતિ કેવી રીતે થાય તે સબંધી ગુજરાતી ભાષામાં નિબંધો લખી મોકલનાર ગૃહસ્થોમાંથી જેમનો નિબધ પસંદ થશે તેને રૂ. ૨૫) નું ઇનામ આપવામાં આવશે.

જૈન અગર બીજી કોઇ પણ ગ્નાતીના ગૃહસ્થને આ નિબંધ લખનાની છુટ છે. આ નિબંધો તા. ૩૧ મી ડીસેંબર સુધીમાં આવી જવા જોઇએ.

---

કોઇ જૈનધર્મી યા અન્ય ધર્મવાળા પાસે જૈન ધર્મ સબંધી પ્રાચીન હસ્ત લેખીત ગ્રંથ વેચવાના હોય તો તેના સંબંધમાં નીચે સહી કરનારને નામ ઠામ ઠેકાણા સાથે લખવાથી યોગ્ય કીમત આપી ખરીદ કરવામાં આવશે.

કોઇ ગામમાં જૈન ભંડારની ટીપ કરવા માણસ રાખવાની જરૂર હશે અને તે ગામના ગૃહસ્થો આવી ટીપની એક નકલ કોન્ફરન્સની ઓફીસને આપવાની કબુલાત આપશે તો તેવી ટીપ કરાવવા બદલ કોન્ફરન્સ ફંડમાથી યોગ્ય સાહાતા આપવામાં આવશે. કોઇ પણ સાધુ મુનિરાજ, યતી અથવા ગૃહસ્થો પાસે અદ્યાપી પર્યંત નહી છપાયેલ અથવા પ્રસિદ્ધિમાં નહિ આવેલા ઉપયોગી ગ્રંથો હશે અને તેના સંબંધમાં નીચે સહી કરનારને ખબર આપવામાં આવશે તો તેવો ગ્રંથ સમયાનુસાર સગવડ પ્રમાણે પ્રસિદ્ધિમાં લાવવા યોગ્ય પ્રયત્ન કરવામાં આવશે.

| | |
|---|---|
| જૈન કોન્ફરન્સ ઓફીસ.<br>લાલબાગ મુંબાઇ<br>તા. ૬-૧૧-૦૩ | ખીમજી હીરજી કાયાણી.<br>આસીસ્ટંટ સેક્રેટરી<br>જૈન શ્વેતાંબર કોન્ફરન્સ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्म प्रकाश

દોહરો.

મનુ જન્મ પામી કરી, કરવા જ્ઞાન વિકાશ;
નેહ યુક્ત ચિત્તે કરી, વાંચો જૈન પ્રકાશ.

પુસ્તક ૧૯ મું. શાકે ૧૮૨૫. સંવત ૧૯૬૦ કાર્તિક. અંક ૮ મો.


## ॐ अर्हम् नमस्तत्त्वज्ञाय.

### જૈન સેવકની જીજ્ઞાસા.

( પદ્ય-કડખો-ચંગરણરંગ. એ રાગ. )

**ॐ प्रथम पंचपरमेष्टिय प्रणव**તું, સ્મરણ કરી નમન કરૂં હસ્ત જોડી;
સદ્‌ગુરૂ ચરણ નમું વંદુ જિનવાણીને, કરણ મંગલ સકલ વિઘ્ન તોડી. ૐ૦ ૧
ઉગી અંતર વિષે વૃત્તિ તેથી લખું, આ સમે યોગ્ય જિજ્ઞાસુ બનિને;
સહજ ઉદ્‌ગાર આવે બને આકૃતિ, સફલ કરશી ઘટે મુનિ પતિને ૐ૦ ૨
**जैन कोन्फरन्स** તે કુમુદની સુખકર, મુખ્ય મુનિ ચંદ્રની જરૂર ઝાઝી;
ભાવ સુવિશુદ્ધિ મુખકમળના વચનની, ગર્જના સાંભળી થાઉં રાજી. ૐ૦ ૩
અધિક ગંભીર સુવિવકથી ઉછળે, વિમલ સુ દયા નિધિથી તરંગો;
ચતુર ચિત હર્ષદાયક બને સિદ્ધિ તો, ત્રિભુવને સુજશ વાધે અભંગો. ૐ૦ ૪
નિત્યના નેમથી જે જિનાગમ શશી, અમલ આનંદ અબ્ધિ વધારે;
સુગુણ મણિ દ્યુતિવડે પાપ તમ દુર કરે, સદ્ય અનવદ્ય પ્રવૃત્તિ સુધારે. ૐ૦ ૫
તીવ્ર પુન્ય પ્રતાપે ત્રિતાપજ ટળે, શુદ્ધ સ્વામિત્વ વલ્લભ વધેથી;
વીરતા થાય સદ્વીર્યથી સત્ય તો, ઝળહળે આત્મની કાન્તિ જેથી. ૐ૦ ૬
ભવ્યને પુષ્ટ કારણ સુ પ્રમોદથી, અધિક ઉમેદ અવિરોધી આવે;
ચંગ ચારિત્રની દેખી ચમત્કૃતિ, વિજયનું તિલક મંગલ સુહાવે. ૐ૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ નિજ આત્મ સુસ્વભાવ કર્પૂરવત્, સહજ જ્ઞાનામૃતે છે સુગંધી;
મદ ન મોહ ન મદન નહી બહીરંતરે, સુમતિથી થાય સકુટુંબ સંધી. ઑ૦ ૮
ધર્મનું મૂળ તે વિનય વિનીતતા, જય કરે ભક્તિ બહુમાન કરતા;
ભેદ વિજ્ઞાનથી હંસ માફક થતાં, આત્મને કર્મથી અલગ ધરતા. ઑ૦ ૯
શુભ વધે કોટી કલ્યાણની દેવને, જેહ દુર્લભ વિરતિ રાજધાની;
રિદ્ધિ જૈનોન્નતિની છતી યશ વધે, હેમ સમ મલીન નહિ વળી અમાની. ઑ૦ ૧૦
માન તે સીત ઉડાડવા ગરમ જે, માર્દવા સરસ કેશર વિલેપી;
મદ જ્વર તાપને વિનય ચંદન વડે, શાન્ત રસમાંહિ થાય મગ્ન જે પી. ઑ૦ ૧૧
એહ પુર્વોક્ત ગુણ યુક્ત નામજ તણું, દેખી સાર્થક દિલે હર્ષ ભરવા;
ચૈ શુભેચ્છા કહે જૈન સેવક મ્હને, સફલ કરશો બિરૂદ સફલ કરવા. ઑ૦ ૧૨
વીર શાસન પટોધર તણા રાજ્યમાં, શ્રી જિનાજ્ઞા મુગટ શીશ રાખી.
જૈન ઉન્નતિ અતિ થાય જય જય કરી, વરસ એકવીશ હજાર દાખી. ઑ૦ ૧૩
જો મહાભાગ્ય પ્રગટે ભવિ જીવના, પ્રગટ તો પેખીયે યુગ પ્રધાનો;
સર્વ સંકટ ટળે શુદ્ધ ઉપદેશથી, આર્ય જનને મળે સુખ ખજાનો. ઑ૦ ૧૪
હે ગણિં પિટક યક્ષાદિ સુરવર તથા, જૈન શાસન સુરી આપ સર્વે;
સંઘમાં સંપ વૃદ્ધિ કરી ઐક્યતા, થાપશો સાધ સહુને અગર્વે. ઑ૦ ૧૫
જ્ઞાનના ચૈત્યના જીર્ણ ઉદ્ધાર તે, યોગ્ય રીતે ભલી ભાંતિ થાયે;
પુન્યના સાત ક્ષેત્રે સુપુષ્ટિ મળે, ધર્મ દુષ્કાલનુ દુઃખ જાયે. ઑ૦ ૧૬
કોઇ કહે શ્રાવકોનું અનુકરણ કરી, મુનિવરા સંપ કરવા મચે છે;
તેહ મિથ્યા મને ભાસતું આ રીતે, હૃદય મુજ કલ્પના આ રચે છે. ઑ૦ ૧૭
શ્રાવકોને મુનિના સદુપદેશથી, ચિત્ત ચાનક થકી આ સુધારા;
જેહ કરવા સુજ્યા તેજ કારણ થકી, સુગુરૂ ઉપકાર અતિશય અપારા. ઑ૦ ૧૮
પ્રથમ ઉપકારીનો પરમ ઉપકાર છે, સત્ય એ વાત સહુએ વખાણે;
મુનિ વિષે સહજ ગુણ કોણ ના કહે વળી. સ્વ પરના લાભને જેહ જાણે. ઑ૦ ૧૯
તેહને અનુકરણ જૈન શુદ્ધ તત્વનું, તે વિના અન્ય કહો કેમ ભાસે;
અન્યથા નેવનાં નીર મોભે કદી, જાય એ શું (?) બને ચિત વિમાસે. ઑ૦ ૨૦
શુક્લ પક્ષે શશી તેમ શાસન તણું, તેજ દીપે પ્રતિ દિવસ ચઢતું;
દેખવા જૈન સેવક તણા ચિત્તમાં, પરમ આનંદમય અમૃત વધતું. ઑ૦ ૨૧

જૈ. શ્વે. ગીરધર હેમચંદ.

મુનિ કર્પૂરવિજયજી જૈન લાયબ્રેરી,
માણસા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैन कोनफरन्समां थयेला फंडनी व्यवस्था संबंधी अमारा विचारो.

શ્રી મુંબઈમાં ભરાયેલી **જૈનકોન્ફરન્સ**માં સુમારે સવાલાખ રૂપીઆનું ફંડ થયેલું છે. જેમાં સુમારે વીશ હજાર રૂપીઆ તો **કોન્ફરન્સનિભાવ ફંડ**ના છે એટલે તેનો વ્યય તો તેના ચાલુ કામકાજ માટે. સ્થાપન કરેલી ઓફીસના ખર્ચમાં થવાનો છે જેથી તે સંબંધમાં અભિપ્રાય આપવા સરખું બાકીમાં નથી. પરંતુ તે શિવાયના રૂપૈયા પાંચ બાબતો-**જીર્ણ પુસ્તકોદ્ધાર, જીર્ણ ચૈત્યોદ્ધાર, ધાર્મિક અને સાંસારિક કેળવણી, નિરાશ્રીતોને આશ્રય** અને **જીવદયા**માં વાપરવાના છે. તે રૂપીઆ હજુ એકઠા થતા જાય છે તેથી તેની વ્યવસ્થા કરવાને માટે લંબાણ થયેલું છે પરંતુ ફંડ થયાને બે મહીના થવા આવેલા હોવાથી હવે તેની વ્યવસ્થા કરવાની શરૂઆત કરવી જોઇએ અને તેવી તજવીજ ચાલતીજ હશે તેથી તે સંબંધમાં અમારા જે વિચારો છે તે આ નીચે દર્શાવ્યા છે. અમને આશા છે કે કોન્ફરન્સના **જનરલ સેક્રેટરી** સાહેબો તે બાબતપર યોગ્ય ધ્યાન આપશે.

૧ **જીર્ણ પુસ્તકોદ્ધાર**ના સંબંધમાં પ્રથમ ખાસ જરૂરતો અત્યાર સુધીમાં થયેલા અનેક પ્રકારના ઉપદ્રવોમાંથી બચેલા **જૈન પુસ્તકોનું લીસ્ટ** તૈયાર કરવું તે છે. આને માટે ખાસ બે ચાર માણસો પગારદાર રાખી જ્યાં જ્યાં શ્રી સંઘના, ઉપાશ્રયોના કે સાધુ મુનિરાજ યા જતિઓના કબજામાં ભંડારો હોય કે છુટક પુસ્તકો હોય તેના લીસ્ટ કરી મંગાવવા. જ્યાંથી લીસ્ટ મળી શકે નહીં ત્યાં વગસગ ચલાવી બનતો પ્રયાસ કરીને જરૂર મેળવવા. જાહેર ખબરો છપાવવાથી એ કાર્ય બનવાનું નથી પણ ખાસ માણસ જવાથી અને જરૂરવાળે ઠેકાણે આસીસ્ટંટ સેક્રેટરી અથવા જનરલ સેક્રેટરી સાહેબોએ પોતે જઇને રજા મેળવવાથી બની શકવા સંભવ છે. આ પ્રમાણે આવેલા લીસ્ટો ઉપરથી તેમાંના ઉપયોગી લીસ્ટો જુદાં જુદાં છપાવવા તેમજ એક લીસ્ટ દરેક કર્ત્તાઓના કરેલા ગ્રંથોનું અથવા અમુક અમુક વિષયના ગ્રંથોનું અકારાદિ અક્ષરાનુક્રમે જુદું છપાવવું કે જેની અંદર તે ગ્રંથનું શ્લોક પ્રમાણ, પૃષ્ટ પ્રમાણ, ભાષા, સ્થિતિ વિગેરે જણાવાય અને તે સાથે તે ગ્રંથ ક્યાં છે તે પણ બતાવવામાં આવે કે જેથી જેને જે ગ્રંથની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર હોય તે મેળવી શકે. આમ કર્યા શિવાય તમામ ગ્રંથો કોઇ પણ પ્રકારે એકઠા થઇ શકવાના નથી. છપાવવાથી પણ તમામ ગ્રંથો છપાઇ શકે તેમ નથી. તેમ લખાવવામાં પણ શુદ્ધ લખાવવા અને શુદ્ધ કરાવવાની મોટી મુસ્કેલી છે. આટલા ઉપરથી તે પ્રકારનો પ્રયત્ન ન કરવો એમ અમારૂં કહેવું નથી. આ ફંડમાંથી પણ શુદ્ધ ગ્રંથો મળે તે ખરીદ કરી લાઇબ્રેરી કરવી, ખાસ જરૂરીઆતવાળા ગ્રંથો આશાતના ન થાય તેવી રીતે વિશેષ શુદ્ધ કરીને ઊંચા કાગળપર છપાવવા અને કવચીતજ લભ્ય થઇ શકે તેમ હોય તેવા ગ્રંથો સારા લહીઆ પાસે લખાવી પંડિતો પાસે શુદ્ધ કરાવવા. એ પણ જીર્ણપુસ્તકોદ્ધાર સંબંધીના અંગોજ છે અને તેથી પણ તેનો ઊદ્ધાર થવા સંભવ છે.

હવે આ સંબંધમાં બીજું કરવાનું રહે છે તે એ છે કે જ્યાં આપણા એવા ભંડાર હોવાનું જાણવામાં આવે છતાં ઊઘાડીને બતાવવામાં આવતા ન હોય તે કોઇ પણ પ્રકારે જરૂર ઊઘડાવવા અને અંદર શર્દીના કે ઊધેહીના ભોગ થઇ પડતા ગ્રંથોને બચાવવા માટે જેટલો ખર્ચ કરવો પડે તેટલો કરવો. આ બાબતને માટે **પાટણ, ખંભાત, જેસલમેર, મેડતા, બીકાનેર** વિગેરે શહેરોએ ખાસ માણસો મોકલી ખાત્રી કરવી અને આપણે ચોકસ ધારણા ઉપર આવી શકીએ કે-આપણી પુસ્તક સંબંધી સંપત્તિ આટલીજ છે, વિશેષ નથી એમ કરવું. આ બાબતનો પ્રયત્ન કરવામાં પણ પ્રથમ માણસો મોકલ્યા બાદ તેમની તરફના લખાણ ઉપરથી કેટલેક ઠેકાણે ખાસ જાતે જવાની પણ જરૂર પડશે. અને એવા એક બે અપ્રસિદ્ધ ભંડારો પણ જો પ્રસિદ્ધિમાં આવશે તો આ પહેલા ફંડનો હેતુ સફળ થયો ગણાશે.

૨ બીજા **જીર્ણ ચૈત્યોદ્ધાર** માટે થયેલા ફંડના સંબંધમાં પ્રથમતો પૂર્વ તરફ આવેલી **કલ્યાણક ભૂમિઓ** કે જ્યાં પૂર્વે કરાવેલાં ચૈત્યો કે થુભો જીર્ણસ્થિતિમાં આવી ગયા હોય તેને સમરાવીને તેનો ઊદ્ધાર કરવો. કલ્યાણક ભૂમિ પ્રસિદ્ધ છતાં જ્યાં થુભ કે ચૈત્ય ન હોય ત્યાં થોડા ખર્ચે પણ તે ભૂમિ પ્રસિદ્ધિમાં રહી શકવા માટે થુભ વિગેરે બનાવી તીર્થોદ્ધાર કરવો અને જ્યાં ચૈત્યાદિ છતાં તેની પૂજા વિગેરે થતી ન હોય ત્યાં તેને માટે ફંડના પ્રમાણમાં યોગ્ય વ્યવસ્થા કરવી. આ કાર્યને માટે પ્રથમ તો કોઇ વિચક્ષણ માણસને એ બાજુ મોકલી ક્યાંક્યાં કેવા પ્રકારની જરૂર છે તેનો રીપોર્ટ લેવો અને પછી ખાસ જરૂરવાળે ઠકાણે કામ શરૂ કરાવવું. આ સંબંધની હકીકત બહાર પાડીને જો જૈન વર્ગની મદદ માગવામાં આવશે તો બાંધી રકમે અમુક તીર્થનો ઊદ્ધાર કરવા માટે મદદ આપનારા પણ ઘણા ગૃહસ્થો મળી આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર જણાવેલા કાર્ય ઉપરાંત બીજું કાર્ય આ સંબંધમાં એ કરવા યોગ્ય છે કે જુદી જુદી બાજુ તરફ અને મુખ્યત્વે **મારવાડ, મેવાડ** તરફ માણસો મોકલી ક્યાં ક્યાં જીર્ણ ચૈત્યો છે અને તે સમરાવવા માટે દરેક જગ્યાએ કેટલા દ્રવ્યની જરૂર છે તેનું લીસ્ટ તૈયાર કરાવવું. આ કામમાં કોઈ એસ્ટીમેઈટ કરી શકે તેવા ઇજનેરને રોકવો પડે તો તેને પણ અમુક મુદત માટે રોકવો કારણ કે સમરાવવાનું કામ શરૂ કર્યા પછી પણ એવા પ્રવીણ માણસની જરૂર પડશે. ઉપર જણાવ્યા પ્રમાણે રીપોર્ટ આવ્યા પછી ફંડના પ્રમાણમાં જેટલાં ચૈત્યો સમરાવી શકાય તેમ હોય તેટલા સમરાવવાનું કામ શરૂ કરવું.

આ પહેલો વખત હોવાથી એવા લીસ્ટો મેળવવામાં તેમજ દરેકમાં કેટલો ખર્ચ કરવાની જરૂર છે તે મુકરર કરવામાં ખર્ચ થશે પરંતુ તે આગળ ઉપર બહુ ઉપયોગી થઇ પડશે.

૩ ત્રીજી બાબત **વ્યવહારીકને ધાર્મિક કેળવણી** સંબંધી છે. તેને માટે થયેલા ફંડની વ્યવસ્થા નીચે પ્રમાણે થવાની જરૂર છે.

વ્યવહારિક કેળવણીમાં આગળ વધી શકે તેવા ધર્મ ઉપર આસ્તાવાળા ઉછરતી વયના જૈન બાળકોને સ્કોલરશીપ વિગેરેથી મદદ આપી આગળ વધારવા.

વ્યવહારિક સાથે ધાર્મિક કેળવણી આપવાની સગવડવાળી અમદાવાદ, સુરત અને મુંબઇ માંડવીબંદર ઉપર છે તેવી જ્યાં જ્યાં શાળા સ્થપાવ ત્યાં યોગ્ય રકમની મદદ આપી તે કાર્યને ઉત્તેજન આપવું.

જ્યાં જ્યાં જૈનશાળાઓ, જૈન કન્યાશાળાઓ અથવા ધર્મ સંબંધી અભ્યાસ થઇ શકે તેવી કોઇ પણ પ્રકારની વ્યવસ્થા આજ સુધીમાં થયેલી હોય છતાં તેને માટે પૂરતું ફંડ ન હોવાથી ભાંગી પડેલ હોય, ભાંગી પડવાની અણી ઉપર હોય અથવા અવ્યવસ્થિત ચાલતી હોય ત્યાં જરૂર પૂરતી મદદ આપવી. આને માટે જાહેર ખબર બહાર પાડી જેને જેને જેટલી જરૂરીઆત હોય તેના રીપોર્ટ માગવા અને ત્યાર પછી બની શકતી મદદ આપવી. અથવા રીપોર્ટની ખાત્રી કરવા માટે ખાસ માણસ મોકલી નીર્ણય કર્યા બાદ મદદ આપવી. આવી જુના જમાના પ્રમાણેની માત્ર પ્રતિક્રમણાદિ શિખવનારી શાળાઓ પણ ધર્મપર આસ્તા રખાવવા માટે શ્રેષ્ટ સાધન છે એમ સમજવું. અને તેને ઉંચી સ્થિતિમાં લાવવા માટે તેવી શાળાઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંદર પ્રતિક્રમણાદિકના અર્થનું તેમજ પ્રકરણોનું અર્થસહ શિક્ષણ આપવા માટે પ્રેરણા કરવી અને મદદ આપવી.

ઉપર જણાવેલી બાબતમાં એવા શિક્ષણ માટે માસ્તરોની આવશ્યકતા જણાશે અને તે સંસ્કૃત તથા માગધીના બોધ સાથે પ્રકરણોના બોધવાળા માસ્તરની જરૂર જણાવશે. તેવા માસ્તરો પૂરા પાડવા માટે **ટ્રેનીંગ સ્કુલ કે કોલેજની** જરૂર છે પણ હાલમાં આપણી પાસે એવું મોટું ફંડ ન હોવાથી તેવા માસ્તરો તૈયાર કરવાનો સહેલો રસ્તો અમને તો એ જણાય છે કે **મુનિરાજ શ્રીધર્મવિજયજી**ના પ્રયાસથી **બનારસમાં** સ્થપાયેલી **જૈન પાઠશાળામાં** હાલ ૧૬ છોકરાઓ અભ્યાસ કરે છે. ત્યાંજ વધારે છોકરાઓ અભ્યાસ કરે એમ કરવું અને તેને સંસ્કૃત સાથે માગધીનો અભ્યાસ કરાવવામાં આવે અને પ્રતિક્રમણ તથા પ્રકરણાદિકનો અર્થ સહીત બોધ કરાવવામાં આવે એમ ઠરાવવું કે જેથી થોડા વખતમાં એવા માસ્તરો મેળવી શકાશે. આ કાર્ય માટે **બનારસ જૈન પાઠશાળામાં** સારી રકમની મદદ કરવી કે જેથી ત્યાં વધારે છોકરાઓને રાખી શકાય. સાંભળવા પ્રમાણે ત્યાં અભ્યાસ કરવા માટે ઘણા છોકરાઓ જવા તૈયાર છે પણ તેમને ખોરાકી પોશાકી અને સ્કોલરશીપ આપવા માટે પૂરતું ફંડ ન હોવાથી આવેલી અરજીઓ સ્વીકારી શકાતી નથી. આ પાઠશાળાને મદદ આપીને એવા જૈન બાળકો તૈયાર કરાવવામાં બીજા પણ ઘણા લાભો સમાયેલા છે. દરવર્ષ ચોમાસામાં તેમજ કાયમ પણ અનેક ઠેકાણે મુનિમહારાજાઓને અભ્યાસ કરાવવા માટે બ્રાહ્મણ શાસ્ત્રીઓ રાખવામાં આવે છે અને તેમને પૂરતો પગાર આપવામાં આવે છે. વળી નવા લખાવેલાં અથવા છપાવાતાં પુસ્તકો શુદ્ધ કરાવવા માટે પણ શાસ્ત્રીઓની જરૂર પડે છે અને ઉપયોગી ગ્રંથોના ભાષાંતરો પણ બહોળે ભાગે બ્રાહ્મણો પાસે કરાવીને પ્રસિદ્ધ કરવામાં આવે છે તે તે કાર્યો-અભ્યાસ, શુદ્ધિ, ને ભાષાંતરો-બ્રાહ્મણ શાસ્ત્રીઓ પૂરતો પગાર લીધાં છતાં પણ બહોળે ભાગે વેઠ જેવાં કરે છે તેને માટે અમારો કેટલોક જાતિ અનુભવ પણ છે તો તેવાં કાર્યો જૈનબાળકો અભ્યાસ કરીને આવશે તો તે કેવાં દીલ દઇને ઉત્તમ પ્રકારે કરશે તે સહેજે સમજી શકાય તેમ છે તેથી બીજા બધા પ્રકારો કરતાં આ પ્રકાર પ્રથમ સ્થાન આપવા યોગ્ય છે એમ અમારૂં માનવું છે.

આ શિવાય આ ત્રીજી બાબતના સંબંધમાં બીજા પણ કેટલાક પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારો છે પણ તે બંધા હાલ તરતમાં બની શકે તેમ ન હોવાથી અહીં જણાવેલા નથી.

૪ ચોથી બાબત **નિરાશ્રિત જૈનોને આશ્રય** આપવા માટેના ફંડની વ્યવસ્થા સંબંધી છે–આખા હિંદુસ્થાનમાં એટલા બધા જૈનો નિરાશ્રીત થઇ પડેલા છે કે જેને માટે આ થયેલું ફંડતો શું પણ લાખો રૂપીઆનું ફંડ પણ પૂરું પડી શકે એમ નથી. ત્યારે આ થયેલા ફંડનું શું કરવું ? તેનો ઉત્તર એટલોજ કે–નિરાશ્રીત જૈનવર્ગના બાળકોને કેળવણી લેવા માટે આ ફંડમાંથી મદદ કરવી. કોઇ નવીન પણ નિરવદ્ય હુન્નર કે ઉદ્યોગ શોધી કાઢી તે હુન્નર શિખવવામાં આ ફંડનો ઉપયોગ કરવો અને અણધારી કુદરતી આફત કોઇ સ્થાનકે જૈનવર્ગ ઉપર આવી પડે તો ત્યાં આ ફંડમાંથી યોગ્ય રકમની મદદ મોકલાવવી. તેમજ ખાસ કોઇ કુટુંબ તાત્કાળિક દુઃખી સ્થિતિમાં આવી પડેલ હોય તો તેને ધંધે ચડાવવા માટે–ખાસ સરતે–યોગ્ય રકમની મદદ આપવી પણ આ ફંડમાંથી ખોરાકી વિગેરે માટે વહેંચાતી મદદ આપી ફંડ વીંખી નાખવું નહીં. કારણ કે એમ કરવાથી એના ફળ તરિકે કાંઇ પણ બતાવી શકાશે નહીં. પણ જો ઉપર જણાવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવશે તો જરૂર તેનું ફળ સારી રીતે દૃશ્યમાન થઇ શકશે.

૫ પાંચમું ફંડ **જીવદયા** સંબંધી છે. આમાં મનુષ્ય શિવાય બીજા પશુ, પક્ષીઓના બચાવનો, સંરક્ષણનો, પોષણનો તેમજ તેવા કાર્યને સંબંધે અન્ય બાબતોમાં કરવાના ખર્ચનો સમાવેશ થાય છે. આપણી જૈનકોમ જીવદયા માટે મશહુર છે અને દરેક ગામે કે શેહેરે શક્તિ અનુસાર જીવદયાનું કામ ચલાવ્યા કરે છે. અનેક શેહેરોમાં **પાંજરા પોળ** વિગેરે ખાતાં પણ ખાસ આપણા વર્ગ તરફથી ચલાવવામાં આવે છે; છેવટ વ્યવસ્થાપકો તો જૈન હોય છેજ. આ ફંડમાંથી કેવા પ્રકારે વ્યય કરવો તે વિચારવા યોગ્ય સવાલ છે કેમકે પાંજરાપોળો વિગેરેમાં મદદ આપવા માંડીએ તો થોડા વખતમાં ફંડ પૂરૂં થઇ જાય તેમ છે. પરંતુ અમારા વિચાર પ્રમાણે આ ફંડમાંથી કાંઇ એવું અપૂર્વ જીવદયાનું કાર્ય બનાવવું જોઇએ કે જે બીજી રીતે થઇ શકતું ન હોય. આ ફંડમાંથી મોટી સંખ્યામાં થતી જીવહિંસા અટકાવવામાં, જનાવરો ઉપર થતું ઘાતકીપણું અળસાવવામાં અને ખાસ જરૂર છતાં સ્થપાયેલ ન હોય ત્યાં સારી રકમની મદદવડે ઉત્તેજન આપીને પાંજરાપોળ જેવાં ખાતાં સ્થાપન કરાવવામાં અને ખાસ પડી ભાંગતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંજરાપોળને ઉભી રાખવામાં ખર્ચ કરવો કે જે પરિણામે ઘણું ફળ આપે. એકવાર હજારો જીવોને મરતાં બચાવીને હજારો રૂપીઆ આપવા કરતાં હજારો જીવોની કાયમ થતી હિંસા અળસાવવામાં તેટલો ખર્ચ કરવામાં આવે તો સરવાળે કેટલો લાભ વધારે થાય તે સ્હેજે સમજી શકાય તેમ છે. વળી આ ફંડમાંથી એવા જીવ દયાના કામમાં પહેલ કરનારા રાજા મહારાજાઓને માનપત્ર આપવા વિગેરેમાં તેમજ તેવા પ્રકારની માગણી કરવામાં, ઠરાવો કરાવવામાં અને તેનો પૂરતો અમલ કરાવવામાં ખર્ચ કરવો તે પણ વાસ્તવીક છે. ટુંકામાં પરિણામે વિશેષ ફળોત્પત્તિ થાય તેવા બીજ રોપવામાં વિચક્ષણતા પૂર્વક આ ફંડનો વ્યય કરવો કે જેથી તેમાં દ્રવ્ય આપનાર ગ્રહસ્થોના ચિત્તમાં આલ્હાદ થાય, તેની અનુમોદના કરે અને ફરીને સારી રકમ આપવા તત્પર થાય.

ઉપર પ્રમાણે પાંચે ફંડોની વ્યવસ્થા સંબંધી અમારા વિચારો જણાવ્યા બાદ વધારામાં જણાવવાનું એ છે કે-ઉપર જણાવેલા કાર્ય કરતાં તસ્તમાં કરવા યોગ્ય કાર્ય **જૈન ડીરેક્ટરી** તૈયાર કરાવવાનું છે. અને તે કામ **બીજી જૈનકોન્ફરન્સની રીસેપ્શન કમીટીએ** પોતાના ફંડમાંથી રહેલા વધારામાંથી ઉપાડી લેવા યોગ્ય છે.

**જૈન ડીરેક્ટરી** વિના આપણે એટલા બધા આપણા પોતા માટે અજ્ઞાન છીએ કે, આપણી કેટલી વસ્તી છે? પુરૂષો કેટલા છે? સ્ત્રીઓ કેટલી છે? છોકરાંઓ કેટલા છે? પરણેલ સ્ત્રી પુરૂષો કેટલા છે? કુંવારા કેટલા છે? વિધવા સ્ત્રીઓ કેટલી છે ? શું શું ઉમરવાળી છે ? ભણેલ વર્ગ કેટલો છે? અભણ કેટલો છે? દ્રવ્યવાન્ કેટલા છે? સાધારણ કેટલા છે? તદ્દન દુઃખી કેટલા છે? આખા હિંદુસ્થાનમાં આપણા ચૈત્યો કેટલાં છે ? તેમાં જીર્ણ કેટલાં છે ? પ્રતિમાઓ કેટલી છે? તીર્થો કયાં કયાં છે ? ત્યાં શી રીતે જવાય છે ? શાળાઓ, પાઠશાળાઓ, કન્યાશાળાઓ, સભાઓ, લાઇબ્રેરીઓ કેટલી છે ? પુસ્તક ભંડારો કેટલા છે ? કોના કોના તાબામાં છે ? તેમાં પુસ્તકો કેટલા છે ? કેવી સ્થિતિમાં છે ? દરેક ગામ કે શેહેરોમાં આગેવાનો કોણ કોણ છે ? દરેક ગામમાં કેટલાં આપણા ઘરો છે ? ધર્મશાળા વિગેરે ઉતરવાના સાધનો કયાં કયાંને કેવાં છે ? ઇત્યાદિ અનેક બાબતો જાણવા માટે એવી વિસ્તારવાળી ડીરેક્ટરીની ખાસ આવશ્યકતા છે. એવી ડીરેક્ટરી તૈયાર થયા બાદ તેમાંથી અનેક બાબતો ઉપજાવી શકાય છે. પાંચ યા દશ વર્ષે પહેલાં કરતાં બહુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછે ખર્ચે ફરીને ડીરેકટરી થઇ શકે છે, જેથી આપણી વસ્તી ઘટી કે વધી ? ભણેલાં વધ્યા કે ઘટયા ? વિધવાઓ ઘટી કે વધી ? ચૈત્યો વધ્યા કે ઘટયા ? કેટલાનો જીર્ણોદ્ધાર થયો ? શાળા પાઠશાળાઓ કેટલી વધી ? આપણી સ્થિતિ સુધરી કે બગડી ? ઇત્યાદિ અનેક બાબતો જાણીને તેના ઉપાયો ચિંતવી શકાય છે. તેમજ આપણા વર્ગમાંથી બહાર પરદેશમાં કયાં કયાંને કેટલા ગૃહસ્થો છે તે પણ એથી જાણી શકાય છે માટે મુંબઇના આગેવાન ગૃહસ્થોએ આ કામ તાકીદે ઉપાડી લેવાની આવશ્યકતા છે, તેને માટે ખાસ માણસો રાખી જુદે જુદે દેશાવર મોકલી તરતમાં કામ શરૂ કરાવવું ઘટે છે કે જેથી આવતી કોન્ફરન્સની બેઠક વખતે તેનું કેટલુંક ફળ જાહેરમાં પણ મુકી શકાય.

**કોન્ફરન્સનો હેતુ પાર પાડવા સંબંધી** દરખાસ્ત ઉપરથી **થયેલા** ઠરાવોના સંબંધમાં એટલું જાહેરમાં આવ્યું છે કે–કોન્ફરન્સની મુખ્ય ઓફીસ **મુંબઇ** ખાતે ઉઘાડવામાં આવી છે, તેના **આસીસ્ટંટ સેક્રેટરી** તરીકે **મી. ખીમજી હીરજી** કાયાણીને મુકરર કરવામાં આવ્યા છે અને કેટલાક કામોની શરૂઆત પણ કરવામાં આવી છે પરંતુ જુદા જુદા શેહેરોમાં **ઓનરરી સેક્રેટરી**ઓની નીમનોક કરવાની હતી તે હજુ જાહેરમાં આવી નથી અને ખાસ કરીને કોન્ફરન્સની તમામ હીલચાલ જાહેરમાં લાવવા માટે તેમજ દરેક બાબત સારી રીતે ચરચાવા માટે ઇંગ્રેજી, ગુજરાતી, હિંદુસ્તાની અને મરાઠી ભાષામાં સુમારે ૪૦ પૃષ્ટનું **'કોન્ફરન્સ જરનલ'** નામનું માસિક બહાર પાડવાની જરૂરીયાત જણાવવામાં આવી હતી તે સંબંધી બીલકુલ હીલચાલ થતી જણાતી નથી. પરંતુ એવા માસિકની ખાસ જરૂર છે, અને તેને માટે જો વિદ્વાન્ જૈનવર્ગ તરફ લખી મોકલવામાં આવશે તો ૪૦ પૃષ્ટ જેટલું લખાણ દરમાસે મેળવવું જરા પણ મુશ્કેલ પડે તેમ નથી. વળી આસીસ્ટંટ સેક્રેટરી પણ એવા બાહોશ શોધી કાઢેલા છે કે તેઓ ગ્રંથ કર્ત્તા તરીકે પ્રસિદ્ધ થયેલા હોવાથી એવા માસિકને માટે એડીટર તરીકે પણ બહુ સારી રીતે કામ કરી શકે એમ છે. તો હવે એ કાર્યની પણ તાકીદે શરૂઆત કરવાની જરૂર છે. એવું એક માસિક પ્રગટ થતું હોવાથી કોન્ફરન્સ તરફની સામાન્ય લાગણી સર્વત્ર તાજી રહેશે અને વડોદરે થનારી ત્રીજી બેઠક વખતે લોકો હોંશે હોંશે આવવાને તત્પર થશે. તેમજ તે સંબંધી ખબરો આપવાનું બહુ સરળ થઇ પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર જણાવેલા અમારા વિચારો ઉપર **જનરલ સેક્રેટરી સાહેબો** પૂરતું લક્ષ આપશે એવી આશા છે અને બીજા જૈનબંધુઓ પણ પોતપોતાના સ્વતંત્ર વિચારો દીર્ઘદૃષ્ટિ પૂર્વક જણાવવા બહાર પડશે એવો સંભવ છે તેમજ આ સંબંધમાં ચરચા ચાલ્યેથી અમે પણ અમારા વિચારોનું વિશેષ સ્પષ્ટિકરણ કરવા તત્પર છૈએ. હાલમાં વધારે લખવાની આવશ્યકતા જણાવાથી આટલુંજ લખીને આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

# सद्भावना.

જીવ તું વિચાર કર કે તારી મૂલ સ્થિતિ કઇ ? સૂક્ષ્મ નિગોદ. અહો તેમાં કેવી દુઃખ વિડંબના ? શ્વાસોશ્વાસમાં પણ સાધિક ૧૭ ભવો કરી કરી મૃત્યુવશ થવું. આવી દુઃખની કોટિથી, સ્થિતિ પરિપકાદિક કારણને પામી જીવ વ્યવહાર રાશિ પ્રાપ્ત કરી અનુક્રમે અનેક-અનંત દુઃખ રાશિઓ ભોગવતો ભોગવતો કોઇક મહા પુણ્યયોગે આ દશ દૃષ્ટાંતે દોહીલો માનવ દેહ પામ્યો. તેમાં પણ અત્યંત પુણ્યયોગે પામવા યોગ્ય ધર્મ સામગ્રી-આર્ય ક્ષેત્ર, સદ્ગુરૂ યોગ, ધર્મ શ્રવણ અને ધર્મરૂચિ વિગેરે પામીને **"देहस्य सारं व्रत धारणंच"** આ દુર્લભ દેહ પામવાના ખરા સારરૂપ પવિત્ર વ્રતનું ધારણ કરવું તેજ છે. શ્રી વીતરાગ દેવ ભાષિત સર્વ વિરતિ ધર્મ અપૂર્વ ચિંતામણિ તુલ્ય છે. તે પરમ ભક્તિથી આરાધ્યો છતો શાશ્વત સુખ આપે છે. તેવો પરમ નિરૂપાધિક ધર્મ સર્વથા પ્રમાદ રહિત આરાધવા યોગ્ય છે: પ્રમાદ એ આત્માનો કટ્ટો દુશ્મન છે. શ્રી જિનેશ્વર ભગવાનના પવિત્ર વચનનો અનાદર કરી આપ મતિએ વર્તવું તે પ્રમાદ છે. માટે સર્વ પ્રયત્ને કરી શ્રી જિન વચનને યથાર્થ સમજી પાળવા ઉજમાળ થવું શ્રેયકારી છે. સુખશીલ જીવ અલ્પ સુખ માટે ઘણા કાળનું ઉંચા પ્રકારનું સ્વર્ગનું કે મોક્ષનું સુખ હારી જાય છે. જો સુખ શીલપણું તજી સાવધાન થઇ શ્રી જિન આજ્ઞાને બરાબર આરાધવા ખપ કરે તો અલ્પકાળમાં અલ્પ કષ્ટે બહુ કાળનું ઉંચા પ્રકારનું સુખ મળે, પણ જીવ સ્વાધીનપણે કાયર થઇ આત્મ સાધન કરતો નથી એટલે ખરા શંબળ વિના પરાધીન થઇ પછી ધર્મસાધન કરી શકતો નથી માટે 'પાણી પહેલાં પાળ'ની પેરે આગળથીજ આત્મસાધન કરી લેવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ અજ્ઞાન દશાએ કરી મોહમાં મુંઝાઇ હું અને મારૂં મારૂં કરી કરી મહા દુઃખ પામે છે. નિર્મળ સ્ફટિક રત્ન જેવો સહજ જ્ઞાન જ્યોતિ–પ્રભાથી સુશોભિત આ આત્મા પોતાનું મૂળ સ્વરૂપ, મોહ મદિરાના છાકથી ચૂકી જઇ અજ્ઞાનને વશે પર વસ્તુમાં મારૂં મારૂં કરી મરે છે. અંતે સર્વ છોડીને જવું પડે છે એમ પ્રત્યક્ષ દેખતો છતો મોહ મદિરાથી બેભાન થઇ ગયેલો જીવ ખોટો મમત્વ તજતો નથી તો અંતે પરાભવ પામી દુર્ગતિ પામે છે, જ્યાં કોઇ શરણુ થતું નથી.

સમ્યગ્જ્ઞાન એજ મોક્ષમાર્ગ બતાવવા દીપક છે, એજ ભવ અટવી ઉતારવા ખરો સાથી છે, માટે અંત સુધી તેનો સંગ મૂકવો નહિ. સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્ય એ આ ભયંકર ભવ સમુદ્ર તારવા ભારે જબરી નાવ જેવા છે, માટે ભવ્ય જીવોએ તેનુ દૃઢ અવલંબન કરવું ઘટે છે. ગુણદોષ, ઉચિત અનુચિત, હિત અહિત અને લાભાલાભને બરોબર સમજવા રૂપ વિવેક તે અંતરમાં પ્રકાશ કરનાર અભિનવ ભાનુ સમાન છે અને તેને પામ્યેજ સર્વ સુખ સંપ્રાપ્ત થાય છે. તેથી સ્થિરતા, સમતા અને ત્યાગાદિક ઉત્તમ ગુણો પ્રગટે છે. ખરૂં જોતાં આ આત્મા પોતેજ ગુણરત્નનો દરીયો છે. ગુણમયજ છે પણ તે સર્વે વિવેકવડે જાણી–આદરી શકાય છે અને તે વિના ધુંવાડામાં બાચકા ભરવા જેવું થાય છે. આત્માનું ખરૂં ધન–ખરૂં કુટુંબ અંતરમાંજ છે, જેને મોહવશ પ્રાણી અજ્ઞાનવડે ભૂલી જઇ ભ્રમથી ખોટાં એવા ધન કુટુંબમાં મોહી રહ્યો છે. લોહીવડે ખરડાયેલું વસ્ત્ર જેમ લોહીથી સાફ થતું નથી તેમ પ્રમાદથી મેળવેલો કર્મમળ પ્રમાદથી ટળી શકતો નથી. અપ્રમાદ એજ આત્મ સાધનમાં અનુકૂળ, મિત્ર-સહાયી છે. કાળજી–આદરથી શ્રી જિનઆણાનું આરાધન કરવું તેજ ખરો અપ્રમાદ છે. માટે મદ, વિષય, કષાય, આળસ અને વિકથા વરજી સાવધાન થઇ સર્વ પ્રાણી ઉપર સમભાવ રાખી, નિર્મળ મન વચન અને કાયાવડે શીલ–સદાચાર પાળવા ઉજમાળ થવું.

પ્રાણાંતે પણ પરજીવને ત્રાસ નહિં આપવો, પોતે દુઃખ ભોગવવું પણ અન્યને દુઃખ ન દેવું. પ્રાણાંતે પણ કષાયાદિકને વશ થઇ અસત્ય નહિ બોલવું. જેથી પર પ્રાણીને દુઃખ થાય, અહિત થાય તેવું સાચું પણ અસત્ય તુલ્ય સમજી વિવેક પૂર્વક હિત–મિત (જોઇયે તેટલુંજ) સ્પષ્ટ, ધર્મને બાધક ન આવે તેવું વિચારીનેજ બોલવું. જેમ તેમ વગર વિચારે બોલતાં ઉત્સૂત્ર ભાષણનો પણ પ્રસંગ આવી જાય જેથી સંસારમાં બહુ પર્યટન કરવું પડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ઉપયોગ પૂર્વકજ બોલવું. અદત્ત પણ ચારે પ્રકારનું તજવું. તીર્થંકર અદત્ત-શ્રી તીર્થંકર દેવે નિષેધેલું નહિ લેવું. ગુરૂ અદત્ત-ગુરૂની આજ્ઞા વિના નહિ લેવું. સ્વામી અદત્ત-વસ્તુના ધણીની આજ્ઞા વિના તે ન લેવી. અને જીવ અદત્ત-સચિત્ત કે મિશ્ર વસ્તુ ન લેવી. કેમકે સર્વ કોઇને પોતપોતાના પ્રાણ વહાલા હોય છે માટે સર્વથા ચારે પ્રકારે અદત્ત વર્જવું. બ્રહ્મચર્ય-દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઔદારિક અને વૈક્રિય મન વચન અને કાયાથી કૃત (કરવું) કારિત (કરાવવું) અને અનુમોદનાના ભેદેથી અઢાર પ્રકારની મૈથુન ક્રિડાનો સર્વથા ત્યાગ કરવો. પરિગ્રહ-બાહ્ય અને અભ્યંતર ધન ધાન્યાદિક બાહ્ય નવ વિધનો અને ૪ કષાય, ૩ વેદ, હાસ્યાદિક ષટ, અને મિથ્યાત્વરૂપ ચઉદ પ્રકારના અભ્યંતર પરિગ્રહોનો સર્વથા ત્યાગ કરવો. મૂર્છાનેજ તત્ત્વથી પરિગ્રહરૂપ કહ્યાથી મૂર્છાજ તજવી યોગ્ય છે. ધર્મ ઉપગરણો વિષે પણ મૂર્છા પરિગ્રહરૂપજ છે. અર્થાત્ રાગ દ્વેષ તજી કેવળ મોક્ષાર્થે બીજી કોઇ પણ આશા વિના એ પાંચે મહાવ્રતો નિર્મળ મન વચન અને કાયાવડે પાળવા-બીજા યોગ્ય ભવ્ય પ્રાણીઓને તે તે વ્રતો પાળવા (દઢપણે) પ્રેરણા કરવી અને ઉકત મહાવ્રતોને દઢપણે (વીતરાગ વચન અનુસારે) પાળનારની સદા અનુમોદના કરવી. એ આ દુઃખજળથી ભરેલા ભયંકર ભવોદધિ તરી જવાનું અદ્‌ભૂત અને સરલ સાધન છે. તે શિવાય સર્વથા રાત્રિભોજનનો ત્યાગ, પ્રતિલેખન (પડીલેહણ, પ્રતિક્રમણ અને પિંડવિશુદ્ધિ) વિગેરેનું બરાબર સાવધાન પણે વિધિના ખપી થઇ સ્વશકત્યાનુસાર જે કરવું તે પૂર્વોકત પંચમહાવ્રતોની શુદ્ધિ હેતે તેમજ પુષ્ટિહેતે સમજવું. ટુંકાણમાં જેમ રાગદ્વેષ પાતળા પડે-હઠે-દૂર જાય-નાશ પામે તેમ મોક્ષાર્થી જીવોએ સાવધાનપણે વર્તવું.

ઇંદ્રિયોના વિષયોમાં ભટકતા મન-મર્કટને રોકી તેને શુભ સંયમ-ક્રિયામાં જોડી દેવું. મન છૂટું રહ્યું થકુ જેટલો અનર્થ કરે છે તેટલો શુભ-ક્રિયામાં પ્રવર્તતું નહિ કરી શકે. આ મન મત્તંગજ છૂટો પડ્યો સંયમ બગીચો-ફાલ્યો ફૂલ્યોં પણ ફેંદી નાંખે છે માટે શ્રી જિન આણારૂપ અંકુશ ધારી તેને તમે વશ કરો નહિ તો તમારી સર્વ મહેનત નિષ્ફળ પ્રાયઃ જવાની. માટે જેમ બને તેમ યુકિતઓ પ્રયોજી મનને વશ કરવા દઢ અભ્યાસ કરવો જ ફરજ છે. આમ કરી-મનને વશ કરી-સંયમનું સંરક્ષણ કરવું યુકત છે યદઃ—

અહંકાર પર મેં ધરત, ન લહે નિજગુણ ગંધ;
અહં જ્ઞાન નિજ ગુણ લગૈ, છુટે પરહી સંબંધ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ દ્વેષ પરિણામ યુત, મનહી અનંત સંસાર;
તેહીજ રાગાદિક રહિત, જાણુ પરમ પદ સાર. ૨
વિષય ગ્રામકી સીમમેં ઇચ્છા ચારી ચરંત;
જિન આણા અંકુશ કરી, મનગજ વશ કરંત. ૩

આમ અનેકધા મહાત્મા પુરૂષો સંયમ રક્ષણ કરવા ઉત્તમ રીતે બોધ આપે છે તે હૃદયમાં ધારી આપણી શકિત ફોરવી યથાયોગ્ય તેનો ઉપયોગ કરીયે તોજ આ અમૂલ્ય તક મહાભાગ્ય યોગે આપણને મળી લેખે છે. અન્યથા તો દરીવામાં ડુબકીની પેરે પાછા સંસારસમુદ્રમાં ડુબવાનું છે માટે જાગૃત થઇ (અનાદિ મોહનિદ્રા તજી) સાવધાન થઇ સ્વહિત સાધવા તત્પર થવું ઘટે છે અન્યથા યમનો સપાટો લાગ્યે ઝુરણા સાથે યમના અતિથિ થઇ નિર્મિત દુઃખ દીનપણે અવશ્ય ભોગવવુંજ પડશે. માટે પ્રથમથી ચેતવું સારૂં છે. ઇત્યલમ્

મુનિ કપુરવિજયજી.

---

# ध्यान विषय.

## ६ अशुचि भावना.

શરીરનું અપવિત્રપણું ચિંતવવું તેને अशुचिभावना કહે છે. જેમ લુણની ખાણમાં જે જે પદાર્થ પડે છે તે તે લુણમય થઇ જાય છે. તેમ આ કાયામાં જે આહાર પ્રમુખ પડે છે. તે મળરૂપ થઇ જાય છે. એવી આ કાયા અપવિત્ર છે. આ કાયાને પાણીના સો ઘડાથી નવરાવીએ, તથા કસ્તુરી પ્રમુખ સુગંધી દ્રવ્યો ચોપડીએ, તોપણ અંદર રહેલો અશુચિનો કોઠો પવિત્ર થતો નથી. ચંદન, કસ્તુરી, અગર, કપુર પ્રમુખ વસ્તુઓ પણ શરીરના મેલાપથી અલ્પ કાળમા દુર્ગંધી થઇ જાય છે, તો પછી વિચારો કે–આ કાયાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોણુ પુરૂષ પવિત્ર માની શકે? નગરના ધડનાળાની પેઠે આ કાયામાંથી કફ, મળ, મૂત્ર, લીંટ વિગેરે નીકળ્યા કરે છે. કાચના કડકા જેવી આ કાયા ઉપર શી માયા કરવા યોગ્ય છે. હે જીવ! તું દુર્ગંધ દૂરથી દેખી મુખ મચકોડે છે. પણુ જાણુતો નથી કે-તારૂં શરીર પણુ દુર્ગંધથી ભર્યું છે. શ્રી **મલ્લિકુમારીએ** આ ભાવનાથી છ મિત્રોને બોધ પમાડયો હતો

ગર્ભાવાસમાંતો આ જીવ અશુચિમાંજ રાત્રી દિવસ લપટાઇને રહે છે. તેનું સ્વરૂપ સંક્ષેપથી કહે છે. સ્ત્રીની નાભિની નીચે બે નાડી છે. તે બે નાડી ફુલને આકારે છે. તેની નીચે આંબાની માંજરના આકારે માંસની પેશી છે. તે જે વારે સ્ત્રીને ઋતુકાળ હોય તે વારે તે માંસની માંજર ફુટે તે માંહેથી રકત વહે. અધોમુખ ફુલને આકારે યોનિ છે. ત્યાં પુરૂષનું વીર્ય પ્રાપ્ત થાય ત્યારે યોનિ મિશ્રિત હોય ત્યાં સુધી જીવ ઉપજવા યોગ્ય થાય. વીર્ય પ્રાપ્ત થયા પછી બાર મુહુર્ત સુધી જીવનું ઉપજવું થાય. અને તેમાં એક જીવ બે જીવ તથા ઉત્કૃષ્ટા નવ લાખ ગર્ભજ જીવ ઉપજે. તેમાં કોઇ વિશેષ આયુષ્યમાન્ હોય તો તે વૃદ્ધિ પામે, નહીં તો સઘળા જીવો મરણ પામે (ચ્યવીજાય) તે શિવાય અસંખ્યાત સમુર્છમ પંચેદ્રી ઉપજેને મરણ પામે. ઉપરાંત બે ઇંદ્રી જીવોનો તો ત્યાં નિરંતર સદ્‌ભાવ છે. ગર્ભમાં ઉપજનાર જીવનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહુર્તનું હોય ઉત્કૃષ્ટું ક્રોડ પૂર્વ વર્ષનું હોય છે. સ્ત્રીની જમણી કુખે પુત્ર હોય. ડાબી કુખે પુત્રી હોય. મધ્ય ભાગમાં નપુંસક હોય. મનુષ્ય ઉત્કૃષ્ટ ગર્ભમાં બાર વર્ષ રહે, તીર્યંચ ગર્ભમાં ઉત્કૃષ્ટું આઠ વર્ષ રહે. ગર્ભમાં પ્રથમ સમયે જીવ માતાનું રૂધિર અને પીતાનું વિર્ય એ બંનેનો આહાર કરે છે. તે વાર પછી તેનાવડે શરીર બાંધે છે! યાવત્ જો વધારે આયુષ્યવાળો હોય તો કોઇ જીવ છ પર્યાપ્તિ પુરી કરે છે. એમ કરતાં જ્યારે સાત દિવસ થાય છે ત્યારે તે પાણીના પરપોટા જેવડો થાયછે. તે વાર પછી આંબાની ગોટી જેવડો થાય છે અને તે વાર પછી માંસની પેશી જેવડો થાય છે. એમ અનુક્રમે ચોથા મહીને માતાના અંગનો વધારો સ્પષ્ટ દેખાય છે. પાંચમે માસે ગર્ભના પાંચ અંગ ફુટે છે. છઠે માસે રૂધિર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગ્રહ થાય છે. સાતમે માસે સાતસેં નાડી, પાંચશે માંસની પેશી તથા નવ ધમણી નાડી થાય છે; રોમરાજી પ્રગટે છે અને રોમે કરી આહાર ગ્રહણ થાય છે. સર્વ શરીરમાં મળીને સાડી ત્રણ ક્રોડ રોમરાજી હોય છે. આઠમે માસે સર્વ અંગોપાંગ સંપૂર્ણ થાય છે. ગર્ભમાં રહેલા જીવને પેશાબ, ઝાડો, બળખા પ્રમુખ કાંઇ હોતા નથી. ગર્ભમાં રહ્યો છતો જીવ જે આહાર ગ્રહણ કરે છે. તે આહારથી શરીરની પુષ્ટિ થાય છે. હાડ, મેદ અને માંસની વૃદ્ધિ કરે છે. માતા આહાર લેતો ગર્ભનો જીવ પણ આહાર ગ્રહણ કરે છે. માતા દુઃખી થાય છે તો ગર્ભનો જીવ દુઃખી થાય છે. ગર્ભ માંહીથી જીવ ચવે તો નર્ક તીર્યંચ, દેવતા, મનુષ્ય-એ ચારે ગતિમાં જઇને ઉપજે છે. માતા સુવે તો ગર્ભનો જીવ સુવે છે માતા જાગે તો જાગે છે, એવા અશુચિથી ભરેલા ગર્ભવાસમાં જીવ અનંત દુઃખ ભોગવે છે. મળ મૂત્રના ભાજનમાં જીવને વસવું પડે છે. પીતાનું વીર્ય ઘણું હોય તો જીવ પુરૂષવેદી થાય છે, પીતાનું વીર્યબળ થોડું હોય અને રૂધીરબળ વિશેષ હોય તો સ્ત્રીવેદે જીવ થાય છે. પીતાનું વીર્ય અને માતાનું બળ સમ હોય તો નપુંસકવેદી જીવ થાય છે તેમાં કોઇ જીવ જન્મતી વખતે મસ્તકે કરી બહાર આવે, કોઇના પહેલાં પગ આવે અથવા કોઇ આડો આવે. એ સર્વ પુણ્ય પાપનાં ફળ છે. સર્વે જીવો પોતાની પૂર્વની અવસ્થા સંભારે તો દુગંચ્છા ન કરે. કેમકે ગર્ભાવાસ નરકના કુંભીપાક સરખો છે. કેટલાક જીવો ગર્ભાવાસની અવસ્થા ભુલી જઇને જુવાનીના મદમાં છાકયા થકા અશુચિની દુગંચ્છા કરે છે. તે જીવો કર્મ બાંધીને ભારે થાય છે.

શરીરમાં અઢાર પાંસળીયો પૃષ્ટકંડક નામે સંધિની છે, બાર પાંસળીયો કંડક બે પાસાની છે, ચાર પળની જીભ છે, બે પળનાં નેત્ર છે, આઠ પળનું હૃદય છે, એકસોસિત્તોતેર મર્મસ્થાન છે, એક વડી નીતિનું તથા એક લઘુ નીતિનું એમ બે સ્નાયુ છે, ત્રણસેં હાડની માળા છે, નવસેં નાડી છે, સાતસેં શીરા છે,નવ ધમણની નાડી છે, શરીરમાં એકસોને સાઠ નાડી નાભી થકી ઉંચી ચાલે છે. તે મસ્તકના બંધની છે તેને રસ હરણી કહે છે તે મસ્તકે રસ પહોંચાડે છે. રસહરણી નાડીનો જેટલો ઉપઘાત થાય તેટલી રોગની પ્રાપ્તિ થાય છે. આંખ, કાન, નાક અને જીભના બળને હણે છે. એ સર્વ ઉર્ધ્વ નાડીને ઉપઘાતના ફળ છે. એકશોનેસાઠ નાડી નાભિ થકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉઠીને નીચે ચાલી થકી પગને તળીએ બંધાણી છે. તે નાડીને ઉપઘાત થાય તો નેત્રનો, જઘાનો, મસ્તકનો વિગેરે રોગ થાય છે એકસોનેસાઠ નાડી નાભિથકી ઉપડીને તીર્છી ચાલે છે તે હાથનાં આંગળાં સુધી પહોચે છે. તેના ઉપઘાત થકી બે પાસાની વેદના, પેટની વેદના, મુખવેદના વિગેરે રોગો ઉપજે છે તથા એકસોનેસાઠ નાડી નાભિ થકી ઉપડીને ગુહ્યસ્થાનક સુધી પહોંચે છે. તેના ઉપઘાતથી પેશાબના રોગ, ઝાડાના રોગ, હરસ વિકાર વિગેરે રોગ થાય છે, પચ્ચીશ નાડી નાભિથકી ઉડી છે તે સળેખમને ઉદ્દરવાવાળી છે. પચ્ચીશ નાડી પિત્તની ધરનારી છે. તથા દશ નાડી વીર્યને ધરનારી છે. પુરૂષને સાતસેં નાડી હોય છે. સ્ત્રીને છસોનેસીત્તેર નાડી હોય છે. નપુંસકને છસેનેએંશી નાડી હોય છે. પુરૂષને પાંચસેં પેશી માંસની હોય છે. સ્ત્રીને ત્રીશ પેશી ઓછી હોય છે.

એવી રીતે આ શરીરની રચના બનેલી છે. આ શરીરની એકેક રોમરાજીમાં પોણાબબે રોગ રહ્યા છે. તે જો એકી વખતે ઉદયમાં આવે તો જીવને અસહ્ય વેદના ઉપજે. એ શરીર મહા દુર્ગંધનું સ્થાન છે. તે અંતે પોતાનું થવાનું નથી. તેને પોતાનું માનીને કોણ પુરૂષ રાજી થાય. કારણ કે કોઇ પુરૂષની સાથે આ દેખાતું શરીર ગયું નથી અને જશે પણ નહીં. ફકત શરીરની સહાયતાથી ધર્મસાધન કરવું તેજ સાર છે. કાચા કુંભ સમાન આ કાયા છે, તેનો નાશ થતાં વાર લાગતી નથી. શરીરની સારી આકૃતિ પામવી એ પુણ્ય પ્રકૃતિનું ફળ છે. શરીરની ખરાબ આકૃતિ પામવી એ પાપ પ્રકૃતિનું ફળ છે. એ શરીર આત્મા નથી. ફકત આત્મા કર્મના ઉદયથી તેને ધારણ કરે છે, અને આયુષ્ય મર્યાદા પુરી થતાં આ શરીરનો ત્યાગ કરી અન્ય શરીર ધારણ કરે છે. બાલ્યાવસ્થામાં શરીર નાનું હોય છે, યુવાવસ્થામાં શરીર મોટું થાય છે, અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં શરીરનું બળ ઘટે છે, ઇંદ્રિયો નરમ પડે છે, મુખમાંથી લાળ ચુવે છે. ચામડી ઉપર કરચલી દેખાવ આપે છે, અને મતિનો ભ્રંશ થાય છે. એવી આ શરીરની વ્યવસ્થા દેખી ભવ્ય જીવોએ શરીરપરનો મોહ ઉતારવો જોઇએ. જન્મ જરા અને મરણે કરી વ્યાપ્ત એવા આ શરીરની અપવિત્રતા કોને વૈરાગ્ય ઉત્પન્ન ન કરે? કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુહા.

शरीर वधतां शुं वध्युं, ते तुं मनमां धार;
दुर्गंधीनी कोथळी, कायापर शो प्यार. १
शरीर शोभा कारमी, संध्या राग समान;
विणसंता शीवार तास, तेनो शो अभिमान. २
अनंत कलेवर छोडीयां, छुटशे आ पण देह;
चेती शके तो चेत ले, नहींतो देशे छेह. ३
कुटुंब धन अधिकारथी, वधतां वध्युं शुं भाइ;
स्त्री पुत्रादिक कल्पना, ए पण जूठ सगाइ. ४
निस मित्रसम देहनो, शो करवो विश्वास;
सत्य एक जिनधर्मनी, मनमां धर तुं आश. ५
शरीर वाणी मनथकी, न्यारो आतमराय;
सेवो ध्यावो भविजना, बुद्धि शिवसुख थाय. ६

એ રીતે અસ્થિર ને અશુચિના ભંડારરૂપ આ શરીરને જાણીને અનંત સુખમય આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. શરીર મન વાણી એ પુદ્ગલ છે. શરીરને વ્યાપીને આત્મા રહ્યો છે, તે આત્માનું સ્વરૂપ વિચારવું. આત્માનું સ્વરૂપ વિચારતાં કર્મની વર્ગણાઓ નાશ પામે છે. અને અંતે આ શરીરને ત્યાગીને આત્મા મોક્ષસ્થાનમાં જઈ પરમાત્મપદને પામે છે. આ શરીરપરની મમતા ઉતારી ધર્મધ્યાન ધ્યાવવાથી અનંત જીવો મુક્તિ ગયા છે, જાય છે, અને જશે. તેમજ આ શરીરવડે અનેક પ્રકારનાં પાપ કરી અનેક જીવો દુર્ગતિમાં ગયા છે, જાય છે, અને જશે.

આ પ્રમાણે અશુચિ ભાવના ભાવવાથી અનેક જીવો મુક્તિએ ગયા છે, જાય છે, અને જશે.

મુનિ બુદ્ધિસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिरप्रश्न तथा सेनप्रश्न उद्धरीतसार.

## ( લખનાર મુનિ. કર્પુરવિજયજી. )

૧ શ્રીજિન પ્રતિમાઓના ચક્ષુ આદિકનું સંયોજન ઉષ્ણુ કરેલા રાળના રસવડે ન કરવું આશાતનાનો સંભવ છે માટે. કિંતુ નિપુણ શ્રાવકોએ રાળને ઉંચી જાતના તેલમાં મેળવી તેના વડે ચક્ષુ, ટીલાં, ચાંડલા વિગેરે ચોડવા.

૨ લિંબુના રસના પુટવાળો **અજમો** દુવિહાર પચ્ચખાણમાં અને આયંબિલમાં ખાવો કલ્પે નહીં.

૩ તીર્થંકર જે દેવલોકાદિથી ચ્યવીને મનુષ્ય ગતિમાં આવે તે દેવલોકમાં તે જીવને જેટલું અવધિ જ્ઞાન હોય તેટલું તે તીર્થંકરને ગૃહસ્થપણામાં હોય અર્થાત્ ગૃહસ્થ તીર્થંકરોમાં અવધિજ્ઞાન વધતું ઓછું હોય, સર્વ તીર્થંકરને સરખું ન હોય.

૪ વર્ષાકાળમાં સાધુ જ્યાં ચતુર્માસ રહ્યા હોય ત્યાંથી પાંચ ગાઉ સુધીના સંવિજ્ઞ ક્ષેત્રમાં કારણ શિવાય ચતુર્માસ પૂર્ણ થયા પછી બે માસ સુધી વસ્ત્રાદિક લેવું કલ્પે નહીં. એ અધિકાર **નિશિથ ચૂર્ણિ**માં છે.

૫ **કૃમિહર** એવા નામથી પ્રસિદ્ધ થયેલ **અજમો** વૃદ્ધ ( જ્ઞાની ) પુરૂષોએ અચિત્ત માન્યો છે.

૬ કાળવેળાએ ( મધ્યાન્હે ને ઉભય સંધ્યા સમયે ) નિર્યુકિત ભાષ્યાદિક સર્વેનું પઠન પાઠન કરવું **આચાર પ્રદિપાદિ** ગ્રંથમાં નિષેધ્યું છે.

૭ ઉપધાનમાં પહેરાતી માળા સંબંધી સોનું, રૂપું, રેશમ કે સૂત્ર વિગેરે સર્વ દેવદ્રવ્ય થાય એવો સંપ્રદાય છે.

૮ **શય્યાતર** તો જેની નિશ્રાના ઘરમાં રહીએ તેજ કહેવાય એમ **શ્રી વૃહત્**કલ્પાદિકમાં કહ્યું છે. મ્હોટે કારણે તો તેના ઘરનું લેવું ( વહોરવું ) પણ કલ્પે છે.

૯ એક અને બેથી અંતરિત **પરંપરા સંઘટ્ટ** તજવા યોગ્ય છે. ત્રણ વડે અંતરિત હોય તો સંઘટ્ટ ન લાગે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ સાંજની પડિલેહણ વખતે તિવિહારનું પચ્ચખાણ કર્યું હોય તો પડિક્કમણા વખતે પાણહારનું પચ્ચખાણ કરી શકાય. પણ જેણે તિવિહાર પચ્ચખાણ કર્યું નથી તેણે ચૌવિહારનું પચ્ચખાણ કરવું.

૧૧ વિકળેંદ્રી મરણ પામી મનુષ્યપણું પામે તે ભવમાં સર્વ વિરતિપણું પામે પણ મોક્ષે ન જાય એમ સંગ્રહણીવૃત્તિમાં કહ્યું છે.

૧૨ સાધુની જેમ સાધ્વી ચારણશ્રમણ લબ્ધિવાળી હોતી નથી.

૧૩ શરીર ને ઉજેહીની વચ્ચે ચંદ્રનો ઉદ્યોત હોય તો પણ ઉજેહી લાગે પણ જો શરીર ઉપર ચંદ્રનો ઉદ્યોત પડતો હોયતો ઉજેહી ન લાગે.

૧૪ પ્રભાતે મેળવેલુ દહીં સોળ પહોર પછી અભક્ષ્ય થાય પણ સોળ પહોરનો નિયમ નથી શાથી જે સંધ્યા સમયે મેળવેલું દહીં બાર પ્રહર પછી પણ અભક્ષ્ય થાય છે.

૧૫ શ્રીમંત તથા ગરીબની અપેક્ષાએ ઉચ્ચ નીચ કુળમાં ( સમવૃત્તિ ) ગોચરીએફરવાથી સામુદાની ભિક્ષા કહેવાય.

૧૬ મંડળીના આયંબીલો ઉપસ્થાપના પછી ( વડી દિક્ષા આપ્યા પછી )જ કરવા સૂઝે.

૧૭ દ્રવ્ય લિંગીઓનું દ્રવ્ય જિનમંદિર તથા જિન પડિમાના ઉપયોગમાં ન આવે, જીવ દયામે જ્ઞાન ભંડારમાં ઉપયોગી થાય.

૧૮ રાત્રે ચૌવિહાર પચ્ચખ્ખાણવાળાને સ્ત્રી સેવનમાં ઓષ્ટ ચુંબન કરતાં છતાં પચ્ચખ્ખાણ ભંગ થાય, અન્યથા ન થાય એમ શ્રાદ્ધ વિધિમાં કહ્યું છે.

૧૯ દેસાવગાસિકને વિષે પોતાની ધારણા મુજબ પૂજા સ્નાત્રાદિક અને સામાયિક કરાય, કોઇ એકાંત નથી.

૨૦ શ્રી આર્યરક્ષિત સૂરિએ પોતાના પિતા ( મુનિ )ને કંદોરો બંધાવ્યાનું શ્રી આવશ્યક વૃત્તિમાં કહ્યું છે. તે આચરણાથી આજે પણ બંધાય છે.

૨૧ જિન મંદિરની અંદરના ગર્ભગૃહ ( ગભારા )ના દ્વારની શાખાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠ ભાગ કલ્પી, એક ભાગ ઉપર પડ્યો મુકી, સાતમા ભાગનાં આઠ ભાગ કલ્પી તેના સાતમા ભાગે મૂળનાયક ( પ્રતિમા )જીની દૃષ્ટિ મેળવવી.

૨૨ પોસહાદિ ન કરેલ હોય એવો શ્રાવક જિનમંદિર કે ઉપાશ્રયમાં પેસતાં **નિસીહી** કહે પણ નિસરતાં **આવાસ્સહી** ન કહે.

૨૩ બીજ સહીત **શ્રીફળ**ને વિષે એકજ જીવ હોય છે.

૨૪ લીલાં કે સુકાં **સિંગોડા**માં બે જીવ કહ્યા છે.

૨૫ પાછલી રાત્રે-બે ઘડી આદિશેષ રાત્રી હોય ત્યારે **પોસહ** લેવો એ મૂળ વિધિ છે. ત્યાર પછી પોસહ લેવો તે **અપવાદ** સ્થાનકે છે.

૨૬ **પ્રતિષ્ટા** ( અંજન શલાકા )માં અંજનને વિષે **મધુ** શબ્દે હાલમાં **સાકર** કહેવાય છે તેથી તે નાખવામાં આવે છે.

૨૭ જેને પીલવાથી તેલ ન નીકળે અને જેની દાળ કરતાં સરખા બે વિભાગ થાય તેવા ધાન્યાદિકને આચાર્યો **દ્વિદળ** કહે છે.

૨૮ જે નાસ્તિક ( શ્રદ્ધાહીન ) હોઇને ઉપધાન વહેવાથી નિરપેક્ષ હોય તેને અનંત સંસારી જાણવો એમ **શ્રી મહાનિશીથ સૂત્ર**માં કહ્યું છે.

૨૯ ચતુર્માસમાં સાધુને રોગી સાધુના ઔષધાદિકારણે ચાર પાંચ યોજન સુધી જવું કલ્પે પરંતુ કાર્ય પૂર્ણ થયે એક ક્ષણ પણ ત્યાં રહેવું કલ્પે નહી.

૩૦ પ્રથમ અન્ય પક્ષીઓએ પ્રણામ કર્યે સતે યથાવસર વર્તવું.

૩૧ મિથ્યાદષ્ટિને **મિથ્યાદૃષ્ટિ** એમ સમયને અનુસરીને કહેવું અથવા ન કહેવું.

૩૨ **ચઉસરણ** પયન્નો સાધુઓને તેમજ શ્રાવકોને કાળ વેળાએ પણ ગુણવો કલ્પે તેમજ અસ્વાધ્યાયવાળે દિવસે પણ ગુણવો કલ્પે.

૩૩ **ચઉસરણાદિક** ચાર પયન્નાઓ **આવશ્યક**ની જેમ પ્રતિક્રમણાદિકમાં બહુ ઉપયોગી હોવાથી ઉપધાન–યોગવહન વિના પણ પરંપરાએ ભણાવાય છે તેથી તે ( **પરંપરા** )જ તેમાં પ્રમાણ છે.

૩૪ ઉઘાડે મોઢે બોલવાથી **ઇર્યાવહી**નો દંડ આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૫ વાંદણા દેવાને અવસરે વિધિ સાચવવા માટે ઉઘાડે મોઢે બોલતાં છતાં પણ પ્રમાદ ન હોવાથી ઇર્યાવહી ન આવે.

૩૬ જે સાધુ વસ્ત્રને થીગડું દે અથવા થીગડું દેતાને અનુમોદે તેને ઘણા દોષની પ્રાપ્તિ થાય. કારણ કે ત્રણ થીગડાં ઉપરાંત ચોથું થીગડું દેનાર મુનિને શ્રી નિશીથસૂત્રના પહેલા ઉદ્દેસામાં પ્રાયશ્ચિત્ત કહેલું છે.

૩૭ નિરંતર બહુ જીવો મુકિતએ જાય તેથી મુકિત સાંકડી થઇ જતી નથી અને સંસાર ખાલી થઇ જતો નથી, જેમ વર્ષાદના જળથી ઘસાયેલી પૃથ્વીની માટી પુષ્કળ સમુદ્રમાં જાય છે પણ તેથી સમુદ્ર પૂરાઇ જતો નથી અને પૃથ્વીપર ખાડા પડી જતા નથી.

૩૮ છ માસથી અધિક કેવળજ્ઞાનીપણે રહે તે અંતે કેવળીસમુદ્ઘાત કરે. તેથી ઓછી સ્થિતિવાળા કરે અથવા ન કરે.

૩૯ રાઇ પ્રમુખ ઉત્કટ દ્રવ્ય મિશ્રિત હોવાથી કાંજિક વટકાદિક વસ્તુઓનું કાળમાન વૃદ્ધ પરંપરાથી બે રાત્રી અથવા બાર પ્રહરાદિનું કહેવાયછે,

૪૦ જે શ્રાવક મરણ સમય પર્યંત નિરતિચાર સમ્યકત્વ પાળે તે તો વૈમાનિક દેવજ થાય. તે શિવાય યથાસંભવ અન્યત્ર (ગતિમાં) પણ ઉપજે તેમજ મહાવિદેહ ક્ષેત્રાદિકમાં મનુષ્યપણું પણ પામે.

( વિશેષ હવે પછી )

# विनाशी वस्तुनो विनाश.

## ( ખરી પ્રતિતીના સાધન. )

શાસ્ત્રકારોએ ઘર હાટ હવેલી વિગેરે તથા જંગમમીલ્કત વસ્ત્ર આભુષણો વિગેરે અને છેવટે આ દેહ સુધાં પણ અનિત્ય, અશાશ્વત અને વિનાશી કહેલ છે છતાં સંસારના મોહમાં ફસેલા અજ્ઞાની જીવો તેને શાશ્વત, નિત્ય અને સ્થિર માની તેની ઉપરની રાગદશામાં ફસેલ રહે છે. તેવા જીવોને શાસ્ત્રપર ખાસ પ્રતિતી આવવા માટે અને જ્ઞાની મહારાજાના વચનો ઉપર પુરતી શ્રદ્ધા લાવવાને માટે આ વખત, આ જમાનો ખરેખરો અસરકારક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જીવ જે વસ્તુને સ્થિર અને પોતાની માનીને તેનાપર મોહ ધરાવી રહ્યો છે તે વસ્તુનો આ વિષમ કાળમાં ક્ષણ માત્રમાં વિનાશ થતો દ્રષ્ટિએ પડે છે- જો કે આવા બનાવો દુષ્કાળ, મરકી; અગ્નિ વિગેરેના ઉપદ્રવો અને લડાઇઓ વિગેરે કારણોથી અનેક સ્થાનકોએ બને છે પરંતુ તાજેતર દૃષ્ટાંત તરીકે **ભાવનગર** શેહેરની ચાલુ સ્થિતિને અહીં ગ્રહણ કરવામાં આવી છે.

**ભાવનગર** શેહેરમાં ગયા ચૈતર માસમાં અગ્નિના ઉપદ્રવથી માત્ર કલાક બે કલાકના અંદર પાંચ સાત લાખ રૂપીઆની મિલ્કત ભસ્મીભૂત થઇ ગઇ. સ્થાવરને જંગમ જે મિલકતને આ પ્રાણી પ્રાણ સમાન વહાલી ગણે છે તેને એક ઘડી પણ રાખી શકાણી નહીં. નજરે જોતાં જોતામાં વિનાશ પામી ગઇ ત્યારપછી આસોમાસથી મરકીનો ઉપદ્રવ શરૂ થયો છે. જેમાં એક મહીનામાં બેહજાર ઉપરાંત મનુષ્યો મોતને શરણ થઇ ગયા છે અને હજુ થતા જાય છે. લક્ષ્મી તો ભાગ્યમાં હોય છે તો પ્રયત્નવડે પાછી મેળવી શકાય છે પણ આ મનુષ્ય દેહ આવા આકસ્મિક અને પ્રાય: અસાધ્યપણામાં અસમાધીમાંજ મૃત્યુ શરણ કરનારા વ્યાધીવડે ખોઇ નાખ્યા પછી ફરીને મળવાની આશા રાખવી ફોગટ છે. આવા બંને પ્રકારના સમયને નજરે જોવા છતાં જે પ્રાણીનું હૃદય કાંઇ પણ કોમળ થતું નથી સ્ત્રી પુત્રાદિકમાં જેવાને તેવા આશક્ત રહે છે, દ્રવ્યાદિકની સાથે મડા ગાંઠની જેમ વળગી રહે છે, અભિમાનને કોરે મુકતા નથી દુ:ખીને જોઇને દયા લાવતા નથી, મારૂં મારૂં કરીને દોડાદોડ કર્યા કરે છે, મરકીથી પીડાયેલ કે પીડાતા દુ:ખી કુટુંબોને મદદ આપવા પોતાનો હાથ જરા પણ લંબાવતા નથી, આખો દિવસ ધંધા રોજગાર રહિત બેઠા બેઠા ગાળવાનો છતાં પરમાત્માનું નામ પણ સંભારતા નથી અને દિલગીરીમાં કે શોકમાં ગર્ક રહ્યા કરે છે તેવા મનુષ્યો ખરેખરા દયા પાત્ર છે. તેને માટે જ્ઞાનીઓને તો કિંચિત્ પણ આશ્ચર્ય થતું નથી. મધ્યમ બુદ્ધિના હૃદયમાં વિસ્મય થાય છે અને કનિષ્ટ બુદ્ધિવાળા ક્યાંતો તેને નિંદે છે અથવા તો તેની જેવા થાય છે. પરંતુ એથી કાંઇ લાભ નથી.

આવા સમયમાં ઉત્તમ જનોએ મધ્યમપણે પણ વૈરાગ્ય વાસિત રહેવું જોઇએ, ઇંદ્રીઓના વિષયથી વિરમવું જોઇએ, પરમાત્માનું સ્મરણ અહર્નિશ કરવું જોઇએ, યથાયોગ્ય ધર્મક્રિયામાં વિશેષે સાવધાન થવું જોઇએ, દુ:ખીને જોઇને દયા અનુકંપા લાવવી જોઇએ. શકિતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણમાં નિરાશ્રીતોને આશ્રય આપવામાં તત્પર રહેવું જોઇએ, નાસીપાસ થઇ ગયેલાઓને સારી સલાહ આપવી જોઇએ, ઉત્તમ પુરૂષોના ચરિત્રો વાંચવા જોઇએ, અભિમાનને દૂર મુકી ભ્રાતૃભાવ વધારવો જોઇએ; શોકના કારણ આવી પડે તોપણ તેમાં નિમગ્ન થવું ન જોઇએ, કષાયોને તજવા જોઇએ, ઉત્તમ જનોનો સસર્ગ કરવો જોઇએ. સંસારની સ્થિતિ વિચારવી જોઇએ; જ્ઞાનીના વચનપર આસ્તા લાવવી જોઇએ, ધંધો રોજગાર ન હોય તો તેનો ખેદ કરવો ન જોઇએ, ભવિતવ્યતાને બળવાન સમજી દૈવ તરફ દૃષ્ટિ રાખવી જોઇએ અને કદી પોતાને પણ તેવા અસાધ્ય વ્યાધીને શરણ થવું પડે તો પ્રથમથી ચેતી જઇ દ્રવ્ય ઔષધાદિની સાવધાની સાથે ભાવ ઔષધ કરવામાં પણ તાત્કાળ સાવધાન થઇ જવું જોઇએ. કેમકે આ વ્યાધિમાં ક્યારે બેશુદ્ધિ થશે તે કહી શકાતું નથી તેથી શુદ્ધિના વખતમાંજ આત્મસાધન કરી લેવું જોઇએ. આ સંસારમાં પ્રાણી માત્રને એકવાર તો પરભવમાં જવુંજ પડે છે તો તે સંબંધી સંકલ્પ વિકલ્પ ન કરતાં આવેલા વખતને વધાવી લઇ પસ્તાવું ન પડે તેવી કાર્યસિદ્ધિ કરી લેવી જોઇએ. એટલે કે તેવે પ્રસંગે કરી શકાય તેટલા દ્રવ્યની શુભ ખાતે વ્યવસ્થા, સર્વ જીવોની સાથે ક્ષામણા, પાપકાર્ય આખી જીંદગીમાં જે કરેલા હોય તેની નિંદા, ધર્મકાર્યની અનુમોદના, અમુક મુદત માટે આરંભ અબ્રહ્માદિના પચ્ચખાણ, ચાર શરણનું અંગીકરણ અને પછી નવકાર મહા મંત્રનું કે અરિહંત એ ચતુઃ અક્ષરનું રટણ કરવું કે જેથી કદી આયુનો અંત આવી જાય તોપણ સદ્ગતિના ભાજન થવાય અને પ્રાપ્ત મનુષ્યફળ સફળ થાય.

આ સબંધમાં સુજ્ઞ જનોએ મેળવેલા જ્ઞાનના ફળરૂપ સદ્વિચારો જેમ બને તેમ વિશેષ કરવા અને અશુભ ધ્યાનને તો દેશવટોજ આપવો. જેથી આ ભવમાં અને પરભવમાં કલ્યાણજ થાય. ઇસલમ્

## શ્રી કેશરીઆજી તીર્થના સંબંધમાં ચેતવણી.

### ( ખાસ માહિતીવાળા ગૃહસ્થ તરફથી )

શ્રી કેશરીઆજીના ભંડારની વ્યવસ્થા જો કે ઉપરથી કમીટી વિગેરે હોવાથી દુરસ્ત દેખાય છે પણ અંદર સંડો ઘણો છે. કેશર આખા વર્ષમાં થઇને સુમારે ૪૦૦ થી ૫૦૦ રતલ જેટલું ચડે છે પરંતુ તે ઘણું હલકી જાતનું ચડે છે અને કિંમત પુરી બેસે છે. ત્યાંના ભંડારી લોકો તે તીર્થના માલેક જેવા છે. દેશાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રથી જે ચીજો માનતા તરીકે મોકલવામાં આવે છે અથવા ત્યાં જઇને ચડાવવામાં આવે છે તેવી છત્ર, કળસ, રકેબી, વાટકી, થાળ, કુંડી વિગેરે ચીજો ત્યાં ભંડારમાં પુષ્કળ ભરેલી હોવાથી આવેલી ચીજો નકામી પડી રહે છે અથવા ભાંગી નાંખવામાં આવે છે તેથી તે ચીજોની ઘડાઇ, ઘટ તથા ભાવના ફેરફારની નુકશાની વિના કારણ પડે છે અને જે રૂપીઆ માનતાના અથવા કમાણીના હીસ્સાના ત્યાં મોકલાય છે તેમાંથી ૩૫ ટકા ભંડારી પૂજારીને મળે છે. તેથી એ સંબંધમાં ખાસ ભલામણ કરવાની કે આ તીર્થે દરવર્ષે નીચે લખેલી ચીજો પુષ્કળ જોઇએ છીએ તે ચીજો રૂપીઆ બદલ મોકલવી. જેથી તે ચીજો ખરીદવામાં ભાવનું નુકશાન થાય છે તે ન થાય, માલ સારો આવતો નથી તે સારો આવવાથી ભક્તિ વિશેષ થાય અને બીજી રીતનો ગોટાળો પણ વળી ન શકે તેમજ ૩૫ ટકાનો ભંડારમાં પણ ફાયદો થાય.

## દર વર્ષે જોઈતી ચીજોની વીગત.

| | |
|---|---|
| **કેશર** અસલ સૂરજ છાપ | **સોનેરી બાદલું** તોલા ૫૦ |
| **બરાસ** રતલ ૫ | **સોનેરી વરગ** તોલા. ૨ |
| **કસ્તુરી** તોલા ૫ | **સેલારસ** રતલ ૧૦ |
| **અત્તર** તોલા. ૨૦૦૦ | **અગરબત્તી** મણ ૦ાા |
| **ચાંદીના વરગની** થોકડી ૧૦૦૦ | **ઉંચો ધૂપ** રતલ ૫ |

આ શિવાય બીજી **કોપરેલ, ઘાસલેટ, વાળાકુંચી** વિગેરે ચીજો પણ પુષ્કળ જોઇએ છીએ. વાર્ષિક રૂ. ૩૫ થી ૪૦૦૦૦ નો ખર્ચ છે. તેથી જો દેશાવરથી રૂપીયાને બદલે શુદ્ધ ચીજો મોકલવામાં આવશે તો ઘણો ફાયદો થશે.

સદરહુ વસ્તુંઓ મોકલનારે તેની પહોંચ ભંડારના ચોપડાના પાનાના અંક સહિત તથા ભંડારની છાપ સહિતની મેળવવી. કારણ કે કેટલીક વખત ટપાલમાં આવેલા પારસલો પણ અધર ચાલ્યા જાય છે. માટે જે વસ્તુ મોકલવી તેની ચોકસ પહોંચ મેળવવી અથવા ઉદેપુરના પ્રતિષ્ઠિત ગૃહસ્થ **મગનલાલ પુંજાવત** અથવા **મારવાડી લક્ષ્મીચંદજી દીપચંદજી** વિગેરે કોઇના ઉપર મોકલવી કે જે **કેશરીયાજી** પહોચાડી પહોંચ મોકલાવી આપશે. આ બાબત યાત્રાળુ વિગેરેને ખાસ ધ્યાન આપવા માટે લખી મોકલાવી છે તેથી તેના ઉપર અવશ્ય ધ્યાન આપવું.

For Private And Personal Use Only

## જાહેર ખબર.

(મુનિ મહારાજાંઓને યોગ્ય સૂચના.)

પોતાના શોખ તરીકે વૈદકનો અભ્યાસ કરી નાના પ્રકારની ઉંચી ઉંચી દવાઓ બનાવી હરકોઇ વર્ગના માણસને ધર્માદા તરિકે આપતો હોવાથી મુનિ અમરવિજયજી વાસ્તે જરૂર પડતાં મને વરધા ગામે બોલાવવામાં આવ્યો હતો. મારાથી બનતા પ્રયાસે મેં તેમનો વ્યાધી દુર કરી બે માસ તક સેવા કરી હતી ત્યારથી મારૂં મન મુનિરાજની સેવા તરફ વધારે લાગેલું છે તેથી જે કોઇ મુનિરાજ પોતાના વ્યાધિની વિગત લખી મોકલશે તેને હું તરતજ તેને માટે યોગ્ય દવા મારે ખર્ચે મોકલાવીશ.

શા. માણેકચંદજી રાજમલજી.
રાહુરી. જીલા અહમદનગર.

## જાહેર ખબર.

(નિરાશ્રિત વિદ્યાર્થીઓ તથા શ્રાવક શ્રાવીકાઓને માટે.)

શ્રી વરધાના રહીશ શ્રાવક ફતેચંદ ગણેશદાસ જાબકજી ગુજરી જતાં પોતાની કાપડની દુકાનનો માલ સદુપયોગમાં વાપરવા પોતાના વારસ કેશરીમલને ફરમાવી ગયા છે તેથી તે માલમાંથી કેટલાક કોટ શીવડાવવામાં આવ્યા છે બાકી ધોતીયાં, પંચીયાં, કાંચળીઓના ખંડ, સાડલા, વિગેરે અને પુસ્તક બાંધવાના રૂમાલ વિગેરે તૈયાર છે તો તેવા નિરાશ્રિત શ્રાવક શ્રાવિકાની ઉમર વિગેરેનું લીસ્ટ કરી કોઇ પણ ગામ કે શેહેરના આગેવાનો તરફથી અમારી તરફ મોકલવા કૃપા કરવી તે ઉપરથી તેને યોગ્ય વસ્ત્રા અમારા તરફથી તરતજ મોકલવામા આવશે.

શા. કીશનચંદ હીરાલાલ.
વરધા. જીલા નાગપુર.

## જાહેર ખબર.

( આંખના દરદીઓને અમુલ્ય તક. )

(મુનિરાજ તથા સાધ્વી માટે મફત.)

ચક્ષુરૂપી રત્નને જાળવવું એજ દુનીયામાં મોટી દોલત છે. શરીરે સુખી તેજ ખરો સુખી કહેવાય છે, ને શરીરનો આધાર ચક્ષુ ઉપર છે. તેથી આગળ ઉપર ચસ્માની જરૂર ન પડે હમેશાં આંખ સાફ રહે અને તેજી વધે તેને માટે "શુદ્ધ સાચા મોતીનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુરમો" કાળો, સફેત, અથવા લાલ ત્રણે રંગનો પણ એક સરખા ગુણવાળો અમે બનાવેલો છે તે જોઇએ તેણે મંગાવવો. તેની કિમ્મત નંબર ૧ લાના તોલા ૧ ના રૂ. ૪) અને નંબર બીજાના તોલા ૧ ના રૂ.૨) પોસ્ટખર્ચ જુદું પરદેશવાળાને વેલ્યુપેબલથી મોકલશું. આ દવાથી ઘણા ફાયદા થાય છે. ઘણા માણસોને ફાયદા થયેલા છે તેના સર્ટીફીકેટો અમારી પાસે મોજુદ છે.

ત્રણે જાતનો સુરમો બનાવનાર તથા વેચનાર

**શેઠ ત્રીભોવનદાસ હઠીશંગ.**

જામનગર—કાઠીયાવાડ.

## ખાસ સૂચના.

ભાવનગરમાં બે માસથી મરકીનો ઉપદ્રવ પૂર જોસમાં છે તે કારણથી ચોપાનીયું બહાર પાડવામાં મોડું થાય છે, તેથી વખતસર ચોપાનીયું ન મળે તેમણે પોતાનેજ મોડું મળે છે એમ ન ગણતાં સૌને એક સાથેજ મળે છે એમ સમજવું.

સભાના કારકુન કેશવજી વાલજી ગુજરી જવાથી અને બીજો કારકુન છગનલાલ ડોસાભાઇ બહારગામ હોવાથી પત્રોનો ઉત્તર વખતસર ન મળે અથવા મંગાવેલી ચોપડીઓ વખતસર ન મોકલાય તો તેને માટે દરગુજર કરવી. બનતી તાકીદે વખતસર પ્રત્યુત્તર ને બુકો મોકલી શકાય તેવી ગોઠવણ કરશું.

બે પડિકમણાની ગુજરાતી અને શાસ્ત્રી બુકો, ચૈત્યવંદન ચોવીશી, મુનિરાજ શ્રી આત્મારામજી કૃત સ્નાત્રપૂજા, સત્તરભેદી પૂજા અને વીશસ્થાનકની પૂજા તથા મુનિરાજ શ્રી રૂપવિજયજી કૃત પંચકલ્યાણકની પૂજા અને પંચજ્ઞાનની પૂજા વિગેરે બુકો ફરી છપાવીને બહાર પાડવામાં આવેલ છે. જોઇએ તેણે મંગાવવી.

પાંચ પ્રતિક્રમણ શાસ્ત્રી, સાધુ સાધ્વીના આવશ્યક સૂત્રો, યશોધર ચરિત્ર, ચરિતાવળી ભાગ ૧ લો, ઉપદેશ પ્રાસાદ ભાગ ૨ જો વિગેરે બુકો છપાય છે, તે થોડા વખતમાં બહાર પડશે.

શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧૦ મું, વિભાગ ૭ મો શ્રી મહાવીર સ્વામી ચરિત્ર છપાઇને તૈયાર થયેલ છે, બુકો બંધાય છે. તેના ઇચ્છકોએ પત્ર લખી મંગાવવા તસ્દી લેવી. સદરહુ ચરિત્રના પાંચ વિભાગની બુકો, ૭ મા પર્વ સુધીની બીલકુલ રહેલ ન હોવાથી તેની બીજી આવૃત્તિ શાસ્ત્રીમાં છપાવવાની ગોઠવણ કરવામાં આવી છે. તંત્રી.

For Private And Personal Use Only